## પગારના હેતુ માટે સેવા જોડવા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, પરિપત્રક્રમાંક : પગર-102001-1605-ચ,
સચિવાલય, ગાંધીનગર, તા. 27-9-2001

*વંચાણે લીધા : (1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પીએવાય-1081-732-ચ, તા.19-12-'81*

*(2) નાણાં વિભાગનો પરિપત્રક્રમાંક : પગર-1093-871-ચ, તા. 17-6-'94*

*(3) સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્રક્રમાંક : પીએસસી-1088-3461-ગ-2, તા. 9-5-'89*

*(4) સા.વ.વિ.નો ઠરાવક્રમાંક : એફઓએ-1092 યુઓ-307-ગ-2, તા. 24-2-'93*

### પરિપત્ર

પ્રસ્તાવનામાં નિર્દેશિત ક્રમાંક (4) સામેના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવથી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કેન્દ્રિયકૃત ભરતીયોજના અથવા માન્ય પદ્ધતિ દ્વારા પસંદ કરાયેલા ઉમેદવારોના કિસ્સામાં તેમની અગાઉની સેવા અને હાલની સેવા વચ્ચે તૂટ હોય ત્યાં તે તૂટ કઈ રીતે વિનિયમિત કરવી તેની સૂચનાઓ આપવામાં આવી છે. વધુમાં તેમાં એવી પણ જોગવાઈ છે કે, વહીવટી કારણોસર સરકારી કર્મચારી નવી જગા પર અમુક દિવસ કે દિવસો માટે જોડાઈ શકેલ ન હોય અને બે સેવા વચ્ચે તૂટ હોય ત્યારે તેવી તૂટ અંગે સામાન્ય વહીવટ વિભાગ અને નાણાં વિભાગના પરામર્શમાં નિર્ણય લેવાનો રહેશે. આવી જોગવાઈ હોવાના કારણે પગારના હેતુ માટે તેવી તૂટ જોડવા અંગેના કેસ નાણાં વિભાગને રિફર કરવામાં આવે છે. આવી તૂટ જોડવાની સત્તાઓ સંબંધિત વિભાગના સચિવશ્રીને સોંપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાના અંતે આ બાબતે સરકાર ઠરાવે છે કે, આવી નિયમિત નિમણૂકો વચ્ચેની તૂટ પગારના હેતુ માટે જોડવા સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં સંબંધિત વિભાગના સચિવશ્રી તેમની કક્ષાએ નિર્ણય કરી શકશે અને આવા કેસો નાણાં વિભાગને રિફર કરવાના રહેશે નહિ. પરંતુ આ મુજબ કરાયેલ હુકમની નકલ નાણાં વિભાગને અવશ્ય મોકલવાની રહેશે.

2. પ્રસ્તાવનામાં નિર્દેશિત અન્ય ઠરાવ/પરિપત્રથી તેમાં દર્શાવેલ વિવિધ સંજોગોમાં પગાર કઈ રીતે નિયત કરવો તે અંગેના હુકમો કરવામાં આવ્યા છે. તે હુકમો મુજબ સંબંધિત વહીવટી વિભાગો સક્ષમ હોવા છતાં પગાર નિયત કરવા અંગેનાં અને પગારના હેતુ માટે સેવા જોડવા અંગેના કેસો નાણાં વિભાગના પરામર્શ માટે મોકલવામાં આવે છે. ઠરાવ/પરિપત્રોની જોગવાઈ સંતોષાતી હોય અને નિમણૂકો માન્ય પદ્ધતિ દ્વારા થયેલી નિયમિત નિમણૂક હોય ત્યારે નીચે દર્શાવેલ બાબતો અંગે સર્વે વહીવટી વિભાગોને હુકમોની સ્થાયી સૂચનાઓને અનુલક્ષીને વિભાગના સચિવશ્રી કક્ષાએ નિર્ણય લેવા જણાવવામાં આવે છે.

(અ) મુંબઈ મુલ્કી સેવા નિયમ-41 નીચેની નોંધ-8 થી એવી જોગવાઈ કરવામાં આવેલી છે કે, જ્યારે કોઈ સરકારી કર્મચારી એક કચેરીમાં સેવા બજાવતો હોય અને તે બીજી કચેરી કે વિભાગમાં નિયમિત નિમણૂક પામીને જાય તો તેવા કિસ્સામાં બે સેવા વચ્ચે તૂટ ના હોય તો તે બંને સેવા પગાર અને રજાના હેતુ માટે જોડી શકાય છે. આ જોગવાઈઓના સંદર્ભમાં નાણાં વિભાગના તા. 17-6-'94 ના પરિપત્રથી વધુમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે, આવી સેવા સમકક્ષ અથવા ઉપલા પગારધોરણવાળી જગા પર જતા કર્મચારીના કિસ્સાઓમાં જ જોડી શકાશે અને નીચા પગારધોરણ ધરાવતી જગા પર નિમણૂક આપવામાં આવી હોય ત્યારે પગારરક્ષણનો લાભ આપી શકાશે નહિ.

(બ) નાણાં વિભાગના તા. 19-12-'81 ના ઠરાવથી પ્રથમ એડહોક ધોરણે નિમણૂક મળી હોય અને ત્યારબાદ માન્ય ભરતીપદ્ધતિ મુજબ અજમાયશી ધોરણે નિમણૂક આપવામાં આવી હોય ત્યારે પગાર કઈ રીતે નિયત કરવો તે અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

(ક) પગાર નિયત કરવાના નાણા વિભાગના ઉપરના હુકમો ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા. 9-5-'89 ના પરિપત્રની માન્ય ભરતીપદ્ધતિ દ્વારા નિયમિત ધોરણે નિમણૂક પામેલ કર્મચારી ફાજલ થાય અને તેવા કર્મચારીને અન્યત્ર સમાવવામાં આવે તે દરમ્યાન સેવામાં તૂટ હોય તો તેવી તૂટ કઈ રીતે વિનિયમિત કરવી તથા પગાર કઈ રીતે નિયત કરવો તે અંગેની સૂચનાઓ આપવામાં આવી છે.

3. ઉપર ફકરા-1 અંગેની બાબતે આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સામાન્ય વહીવટ વિભાગ સાથે પરામર્શ કરીને આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એમ. એચ. સૈયદ
સેકશન અધિકારી, નાણાં વિભાગ

❋ ❋ ❋